## સંક્ષિપ્ત સમાચાર

### સાધલી ગામે ડો. બાબા સાહેબ આંબેડકરની 134મી જન્મ જયંતીની ઉજવણી કરાઇ



**શિનોર** : શિનોર તાલુકાના સાધલી ખાતે સાધલી યુવા સંગઠન દ્વારા ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ની 134 મી જન્મ જયંતીની નિમિતે રણછોડ નગરમાં બાબા સાહેબ ની જન્મ જયંતી નિમિતે કેક કાપી બર્થ ડે મનાવી હતી. ડીજેના તાલે બાબા સાહેબની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી સાધલી યુવા સંગઠન દ્વારા ભારતીય સંવિધાન રચયિતા મહા માનવ ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ની જય ભીમના નારા સાથે લાલજી નગર થી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જ્યાં કાયાવરોહણ સર્કલ પાસે બિરસા મુંડાની છબીને પુષ્પ માળા અર્પણ કરવામાં આવી હતી.જ્યારે સાધલી બસ સ્ટેન્ડ પાસે આવેલ લોખંડી પુરુષ સરદાર વલ્લભ ભાઈ પટેલ ની પ્રતિમા ને પણ યુવાનો દ્વારા પુષ્પ માળા અર્પણ કરાઈ હતી.

### શિનોરના મોટા ફોફળિયામાં 17મી એપ્રિલે આયુષ્માન આરોગ્ય મેળાનું આયોજન




**શિનોર** : શિનોર તાલુકાના મોટા ફોફળિયા ખાતે આવેલ શક્તિ કૃપા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત શ્રી છોટુભાઈ એ પટેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં તારીખ 17/04/ 2025ને ગુરૂવારના રોજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આયુષ્યમાન ભવ અભિયાન અંતર્ગત આયુષ્યમાન આરોગ્ય મેળો-(સર્વ રોગ નિદાન કેમ્પ)નું આયોજન કરવામાં આવ્યું છે. શિનોર તાલુકાના મોટા ફોફળિયા ખાતે રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના શુભગ સમન્વયથી લોક ભાગીદારી દ્વારા શક્તિ કૃપા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત છોટુભાઈ એ પટેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં વિભાગીય નાયબ નિયામક આરોગ્ય તબીબી સેવાઓ વડોદરા અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયત વડોદરાના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા આયુષ્યમાન ભવ અભિયાન અંતર્ગત આયુષ્યમાન આરોગ્ય મેળો- (સર્વ રોગ નિદાન કેમ્પ) નું તારીખ 17/04/ 2025 ને ગુરુવારના રોજ 9:30 થી 12:30 વાગ્યા સુધી આયોજન કરવામાં આવેલ છે. નિષ્ણાત તબીબોમાં જનરલ મેડિસિન માટે, બાળરોગ નિષ્ણાત, સ્ત્રી રોગ નિષ્ણાત, જનરલ સર્જન, કેમ્પનો જરૂરિયાતમંદ લોકોએ લાભ લેવા જાહેર આમંત્રણ છે.

### વેજલપુર પોલીસ સ્ટેશનના મારામારી કેસમાં નાસતો ફરતો વોન્ટેડ આરોપીને ઝડપી પાડયો




**કાલોલ** : પંચમહાલ જિલ્લાની પેરોલ ફર્લો સ્કવોર્ડની ટીમે પંચમહાલ જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ જિલ્લા પંથકમાંથી વિવિધ ગુનાઓ આચરી નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવાની કવાયત હાથ ધરી છે જેને અનુલક્ષીને પંચમહાલ જિલ્લા પેરોલ ફર્લો સ્કવોર્ડના પો.સ.ઈ. એસ.આર.શર્માએ પોતાના પેરોલ ફર્લો સ્ક્વોર્ડના સ્ટાફને સુચના અને માર્ગદર્શન આપી પરિણામલક્ષી કામગીરી કરવા માટેની સૂચના આપી હતી જે અંતર્ગત કામગીરી કરી રહેલી પેરોલ ફર્લો સ્ક્વોર્ડના પોલીસ કર્મચારી હાર્દિકકુમાર કાનાભાઇને હ્યુમન સોર્સીસ દ્વારા બાતમી મળેલ કે વેજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ મારામારી કેસના ગુનાના કામે નાસ્તા ફરતા વોન્ટેડ આરોપી પ્રવીણભાઈ ઉર્ફે જાડો રામાભાઇ ચૌહાણ પાંચ પથ્થરા તાલુકા ઘોઘંબા ખાતે હોવાની હ્યુમન સોર્સીસ દ્વારા ચોક્કસ બાતમી મળેલ હોય જે બાતમી આધારે પેરોલ ફર્લો સ્ટાફના માણસોને તપાસમાં મોકલી આપતા ઉપરોક્ત આરોપી પાંચ પથ્થરા ચોકડી ખાતેથી મળી આવતા પકડાયેલ આરોપીને વધુ કાર્યવાહી કરવા વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.

**શિનોર તાલુકાના માંજરોલ ગામની ઘટના, દશામાં મંદિરના સંચાલિત કરનારા પુત્રનું કારસ્તાન**

# પતિને જાદુ ટોણા કરી મારી નાખવાની ધમકી આપી પરિણીતા પર બળાત્કાર

**છેલ્લા** ઘણા સમયથી નર્મદા કેનાલના નાળા પાસે કુકસ જવાના રસ્તે મેલડી માનુ મંદિર બનાવી લોકોને ધર્મના નામે બાધા આપે છે



(પ્રતિનિધિ) શિનોર, તા.15

શિનોર તાલુકાના માંજરોલ ગામે પરણિતાના ઘરે જઈને બાધા વાળવાનુ બહાનુ બતાવી ઘરમાં જઇ દરવાજા બંધ કરી ફરિયાદણ સાથે પતિ-પત્નીનો સંબંધ બાંધવો પડશે નહીં બાંધે તો તેના પતિને મેલી વિદ્યા અને જાદુ ટોણા કરી મારી નાખવાની ધમકી આપી અવારનવાર બળાત્કાર કર્યો હોવાની ફરીયાદ સિનોર પોલીસ સ્ટેશને નોંધાતા શિનોર પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ જાડેજાએ કાર્યવાહી હાથ ધરી છે. બનાવથી શિનોર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

શિનોર તાલુકાના માંજરોલ ગામે ફરિયાદીના પતિએ પોતાનું જૂનું મકાન તોડી બાજુની જમીન વેચાણ લઈ નવું મકાન બનાવવાની શરૂઆત કરતાં વેચાણ લીધેલી જમીન બાબતે અડચણ ઉભી થઇ હતી. તેથી ફરિયાદી તથા તેના સાસુ કાળુભાઈ ઉર્ફે કાંતિભાઈ રાવજીભાઈ પાટણવાડીયાને મળવા ગયા હતા. કાળુ ગામમાં પોતાના ઘરે દશામાનુ સ્થાનક ધરાવે છે, અને છેલ્લા ઘણા સમયથી નર્મદા કેનાલના નાળા પાસે કુકસ જવાના રસ્તે મેલડી માનુ મંદિર બનાવી લોકોને ધર્મના નામે બાધા આપે છે. તેના ઘરે જઈ દશામાની બાધા લીધી હતી અને નિયમિત અમાસ ભરતા હતા. એ દરમિયાન ફરીયાદી પરણિતાને આરોપી અને કાળુના પુત્ર જયદીપના પત્ની સેજલ સાથે સંપર્ક થતાં મોબાઈલ નંબરથી વાતચીત થતી હતી, આરોપી જયદીપે પણ ફરીયાદીનો મોબાઈલ નંબર મેળવી ફરિયાદી સાથે અવાર નવાર વાતચીત કરતો હતો. ત્યારબાદ મકાનનું કામ પૂરું થતાં કાળુભાઈએ ફરિયાદીના ઘરે આવીને બાધા કરી જવા જણાવેલ અને બાધા તેઓનો પુત્ર જયદીપ કરાવશે એમ જણાવ્યુ હતું .જેથી શિનોર તાલુકાના માંજરોલ ગામે આરોપી જયદીપ કાળુભાઈ ઉર્ફે કાંતિભાઈ રાવજીભાઈ પાટણવાડીયાએ ફરિયાદીના ઘરે આવી બાધા વાળવાનું કહેતા ફરિયાદીએ કહ્યું હતું કે બાધા અંગે મને ખબર ના પડે એટલે મારા પતિ તથા સાસુ આવે ત્યારે આવજો, તેમ કહેવા છતાં આરોપીએ ઘરમાં આવી જઇ આરોપીએ ફરીયાદી પરણિતાના હાજર નાના દીકરાને મોબાઈલ આપી દરવાજો બંધ કરી ફરિયાદીને કહેલ કે આપણે પતિ પત્નીનો સબંધ બાંધવો પડશે અને તું નહીં બાંધે તો તારા પતિને જાદુટોણા , મેલીવિદ્યા કરીને ભૂતમામા પાસે મારી નખાવીશ તથા સમાજમાં બદનામ કરવાની વાત કરતા ફરિયાદીએ ના પાડવા છતાં બળજબરી કરીને તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યો હતો અને કોઈને કહીશ તો પતિને મારી નાખવાની ધમકી આપી હતી. જમીન બાબતે અડચણ ઉભી થઇ હતી. તેથી ફરિયાદી તથા તેના સાસુ કાળુભાઈ ઉર્ફે કાંતિભાઈ રાવજીભાઈ પાટણવાડીયાને મળવા ગયા હતા. કાળુ ગામમાં પોતાના ઘરે દશામાનુ સ્થાનક ધરાવે છે, અને છેલ્લા ઘણા સમયથી નર્મદા કેનાલના નાળા પાસે કુકસ જવાના રસ્તે મેલડી માનુ મંદિર બનાવી લોકોને ધર્મના નામે બાધા આપે છે. તેના ઘરે જઈ દશામાની બાધા લીધી હતી અને નિયમિત અમાસ ભરતા હતા. ત્યારબાદ અવારનવાર 8 થી 10 વાર ફરિયાદીની મરજી વગર આરોપી બળાત્કાર કર્યો હોય તેના ત્રાસમાંથી છૂટવા આ અંગે પતિને વાત કરતા ભોગ બનનાર પરણિતાએ પતિ સાથે જઈ શિનોર પોલીસ સ્ટેશનમા તારીખ 14 એપ્રિલ 2025 ના રોજ સાંજે 19:40 કલાકે ગુના અંગે ફરિયાદ નોંધાવતા બી.એન. એસ. કલમ 64 (2 )(એમ) અને 35 (2) મુજબ શિનોર પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ શિનોર પી.એસ. આઇ. એમ.એસ.જાડેજા કરી રહ્યા છે.

આરોપી જયદિપે ફરિયાદીના પતિને મેલીવિદ્યા અને જાદુ ટોણા કરી મારી નાખવાની ધમકી આપેલ હોય અને સમાજમાં આબરૂ જવાની બીકે ફરિયાદીએ આ ફરિયાદ મોડી આપી છે.

### બૈણા ગામે તકરારમાં ઈસમે મહિલા સહિત બેને લાકડી વડે માર મારતા ફરીયાદ

(પ્રતિનિધિ) દાહોદ, તા.15

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના બૈણા ગામે તકરારમાં એક ઈસમે એક મહિલા સહિત બેને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડતાં પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

ગત તા.૧૩મી એપ્રિલના રોજ દેવગઢ બારીઆના બૈણા ગામે ઉગમણા ફળિયામાં રહેતો પર્વતભાઈ વેચાતભાઈ પટેલ પોતાના ગામમાં રહેતાં મહેશભાઈ શંકરભાઈ પટેલના ઘરે લાકડી સાથે પહોંચ્યો હતો અને જ્યાં સામાન્ય બાબતે થયેલ ઝઘડા તકરારમાં પર્વતભાઈ બેફામ ગાળો બોલી મહેશભાઈને તથા શારદાબેનને લાકડી વડે માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપતાં સંબંધે ઈજાગ્રસ્ત મહેશભાઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવી હતી.

## વડોદરા જિલ્લામાં વ્હાલી દીકરી યોજના હેઠળ કેમ્પનું આયોજન કરાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

જિલ્લા કલેકટર અનિલ ધામેલિયાએ વડોદરા જિલ્લામાં મહિલા અને બાળ વિકાસ વિભાગની મિશન શક્તિ હેઠળ કાર્યરત વિવિધ યોજનાઓની સમીક્ષા કરી હતી.

કલેકટર અનિલ ધામેલિયાએ વડોદરા જિલ્લામાં રાજ્ય સરકારની વ્હાલી દીકરી યોજના હેઠળ પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને આવરી લેવા ગ્રામ્ય કક્ષાએ કેમ્પનું આયોજન કરવા જણાવ્યું હતું.

વડોદરા જિલ્લામાં વ્હાલી દીકરી યોજના હેઠળ કુલ ૧૧૭૮૭ જેટલા લાભાર્થીઓની સહાય મંજૂર કરવામાં આવી છે.કલેકટરશ્રીએ આ યોજના હેઠળ લાભાર્થીઓનો વ્યાપ વધારી જિલ્લાના મહત્તમ લાભાર્થીઓને યોજના હેઠળ આવરી લેવા જણાવ્યું હતું.

કલેકટએ સખી વન સ્ટોપ સેન્ટર,બેટી બચાઓ - બેટી પઢાઓ, ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન,રાજ્ય સરકારની મહિલા સહાયતા કેન્દ્ર ( પોલીસ બેઇઝડ સપોર્ટ સેન્ટર)ની કામગીરીની સમીક્ષા કરી માર્ગદર્શન આપ્યું હતું.

વડોદરા જિલ્લામાં કાર્યરત સાત જેટલા મહિલા સહાયતા કેન્દ્રોમાં વર્ષ ૨૦૨૨-૨૩ માં ૫૦૬,વર્ષ ૨૦૨૩- ૨૪ માં ૪૯૭ અને વર્ષ ૨૦૨૪- ૨૫ માં ૭૭૧ સહિત કુલ ૧૭૭૪ મહિલાઓને મહિલા સંબંધી કેસો અને પારિવારિક પ્રશ્નો બાબતે મહિલાલક્ષી કાઉન્સિલિંગ કરી સમાધાન, કાયદાકીય સલાહ પૂરું પાડવામાં આવ્યું છે. સાવલી પોલીસ સ્ટેશનમાં બાપોદ કેન્દ્રના પેટા કેન્દ્રની મંજૂરી મળી છે.

વડોદરામાં એસ.એસ.જી હોસ્પિટલ ખાતે સખી વન સ્ટોપ સેન્ટર કાર્યરત છે.

### જેસાવાડા પોલીસે લુંટ તથા ધાડના ગુન્હામાં 6 માસથી ભાગતા આરોપીને ઝડપ્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.15

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાની જેસાવાડા પોલીસે દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન વિસ્તારના લુંટ તથા ધાડના ગુન્હામાં છેલ્લા ૬ માસથી નાસતાં ફરતાં આરોપીને ઝડપી પાડયો હતો.

દાહોદ જિલ્લામાં નાસતાં ફરતાં આરોપીઓને પકડી પાડવા, માટે દાહોદ જિલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે ત્યારે ગરબાડાની જેસાવાડા પોલીસને મળેલ બાતમીના આધારે દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન વિસ્તારમાં લુંટ તથા ધાડના ગુન્હામાં છેલ્લા ૬ માસથી નાસતો ફરતો આરોપી મહેશભાઈ લાલાભાઈ બારીયા (રહે.ઝાબુ, ચિતવા ફળિયું, તા.ધાનપુર, જિ.દાહોદ) નાને પોલીસે ઝડપી પાડ્યો હતો.

**ટીડીઓએ વિવિધ આક્ષેપો અંગે તપાસ કરીને કર્યો હુકમ**

## નાણાંકીય ગેરરીતિ પુરવાર થતા કાવીઠાના મહિલા સરપંચ, મહિલા સભ્યને ગેરલાયક ઠેરવવાનો હુકમ

**ગેરરીતિની** ફરિયાદો ઉઠી હતી અને આ અંગે એક જાગૃત નાગરિક દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી હતી





(પ્રતિનિધિ) સંખેડા, તા.15

સંખેડા તાલુકાના કાવીઠા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ અને એક મહિલા સભ્યને વિવિધ ગેરરીતિના આક્ષેપોની તપાસ કરીને ગેરલાયક ઠરાવવાનો હુકમ સંખેડા તાલુકા વિકાસ અધિકારીએ કર્યો છે.

સંખેડા તાલુકાના કાવીઠા ગામના સરપંચ જ્યોતિબેન મનોજભાઈ સોલંકી તથા તેમની પુત્રવધુ પ્રિયંકાબેન અજયકુમાર સોલંકી સામે ગેરરીતિની ફરિયાદો ઉઠી હતી અને આ અંગે એક જાગૃત નાગરિક દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી હતી.

આ રજૂઆતમાં સરપંચ દ્વારા વર્ષ 2021-22 માં તેમના પતિ મનોજભાઈ નાથાભાઈ સોલંકીના નામથી ચાલતી પવનપુત્ર ટ્રેડર્સ એન્ડ ટ્રાન્સપોર્ટ એજન્સીના નામના ખોટા બીલો બનાવી નાણાકીય ગેરરીતિ આચરી હતી. વર્ષ 2022-23 માં નાણાંપંચ ગ્રાન્ટના કામોમાં તેમના જમાઈ રોહિત જયકિશન હિતેન્દ્રભાઈ ને લેબર કોન્ટ્રાકટ આપી ગેરરીતિ આચરી હતી.ઉપરાંત મોજે કાવીઠા ગામની સર્વે નં. 1190 વાળી જમીનમાં ભાડા કરારથી એન.એ. કર્યા વગર બિનઅધિકૃત રીતે મકાનનું બાંધકામ કરેલ છે, તેના ઉપર કોમર્શિયલ બાંધકામ કરેલું છે.તેવા આક્ષેપ કરવામાં આવતા હતા.

જેના અનુસંધાને આજરોજ સંખેડા તાલુકા પંચાયતના મહિલા સરપંચ જ્યોતિબેન મનોજભાઈ સોલંકીને તેમજ તેમના પુત્રવધુ પ્રિયંકાબેન અજયકુમાર સોલંકીને ગેરલાયક ઠરાવવાનો હુકમ કર્યો છે. મોજે કાવીઠા ગામની સર્વે નં. 1190 વાળી જમીનમાં ભાડા કરારથી એન.એ. કર્યા વગર બિનઅધિકૃત બાંધકામ કરેલ છે. તા.23-1-2025 ના રોજ સરપંચ દ્વારા વકીલ રોકવા મુદત માંગવામાં આવી હતી. જેમાં તાલુકા વિકાસ અધિકારીએ ગુજરાત પંચાયત અધિનિયમ 1993 ની કલમ 30(1)(જ) મુજબ પંચાયતના કરેલ કોઈ કામમાં અથવા પંચાયત સાથેના,પંચાયતે કરેલ અથવા તેના વતી કરેલ કોઈ કરારમાં અથવા પંચાયતની પંચાયત હેઠળની નોકરીમાં , પંચાયતની સભ્ય થઈ શકશે નહિ અથવા સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહિ.

### શું કાર્યવાહી કરાઈ ?

કાવીઠાના સરપંચ દ્વારા 14 માં નાણાપંચ તથા 15 માં નાણાપંચ ના કામો માં પોતાના કુટુંબની વ્યક્તિઓના માલસામાનના બીલો મૂકી ગેરરીતિ આચરવામાં આવેલ હોવાનું ધ્યાને આવતા સરપંચ પાસે ખુલાસો રજૂ કરવા કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી હતી. જે અંગે સરપંચ દ્વારા તા.20-01-2025 ના પત્રથી જવાબ રજૂ કર્યો હતો. ત્યારબાદ રૂબરૂમાં સુનાવણી રાખતા તા.23-1-2025 ના રોજ સરપંચ દ્વારા વકીલ રોકવા મુદત માંગવામાં આવી હતી. જેમાં તાલુકા વિકાસ અધિકારીએ ગુજરાત પંચાયત અધિનિયમ 1993 ની કલમ 30(1)(જ) મુજબ પંચાયતના કરેલ કોઈ કામમાં અથવા પંચાયત સાથેના,પંચાયતે કરેલ અથવા તેના વતી કરેલ કોઈ કરારમાં અથવા પંચાયતની પંચાયત હેઠળની નોકરીમાં , પંચાયતની સભ્ય થઈ શકશે નહિ અથવા સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહિ.

### કેટલા રુપિયાની ગેરરીતિ કરવામાં આવી ?

કાવીઠાના મહિલા સરપંચ જ્યોતિબેન મનોજભાઈ સોલંકી દ્વારા વર્ષ 2021-22 માં 15 માં નાણાપંચ માં પવનપુત્ર ટ્રેડર્સ એન્ડ ટ્રાન્સપોર્ટ એજન્સીના નામે રૂ.11,86,270/- તથા રોહિત જયકિશન હિતેન્દ્રભાઇ એજન્સીના નામે રૂ.4,00,550/- ચૂકવવામાં આવેલ છે.તેમજ વર્ષ 2022-23 માં પવનપુત્ર ટ્રેડર્સ એન્ડ ટ્રાન્સપોર્ટ એજન્સીના નામે રૂ.2,35,788/- તથા રોહિત જયકિશન હિતેન્દ્રભાઇ એજન્સીના નામે રૂ.88,940/- ચૂકવવામાં આવેલ છે.

**વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે બે દિવસીય મુલાકાતમાં રૂ. 11.66 કરોડના વિકાસ કામો માટે ભેટ**

## છોટુભાઈ પુરાણી વ્યાયામ વિદ્યાલયનું રૂ. 2.5 કરોડના ખર્ચે જિમ્નેશિયમ હોલનું લોકાર્પણ

**રાજપીપલા** સ્થિત નવા પાસપોર્ટની પ્રક્રિયા અર્થે આવેલા નાગરિકો સાથે વિદેશ મંત્રીએ સંવાદ કર્યો

(પ્રતિનિધિ) રાજપીપલા, તા.15

ભારત સરકારના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર નર્મદા જિલ્લાની બે દિવસીય મુલાકાતે પધાર્યા હતા. બીજા દિવસે રાજપીપલાની છોટુભાઈ પુરાણી વ્યાયામ વિદ્યાલય ખાતે તેઓની MPLADSની ગ્રાન્ટમાંથી રૂપિયા ૨.૫૦ કરોડના ખર્ચે એક્સ્પાન્સન પામેલા જિમ્નેશિયમ હોલ અને વ્યાયામના અદ્યતન સાધનોનું લોકાર્પણ કર્યું હતું. અને ઉભરતા નવયુવાન ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. અને જિમ્નેશિયમના રમતવીરોના કૌશલ્ય-કરતબને પણ નજરે નિહાળી ખુશી વ્યક્ત કરી હતી. છોટુભાઈ પુરાણી વ્યાયામ વિદ્યાલય ખાતેના જિમ્નેશિયમમાં તાલીમ મેળવી નેશનલ કક્ષાની ટ્રેમ્પોલિન ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ મેળવનાર શ્રી સિલિમકર મયંક અને શ્રી દેવીન વસાવાની સિદ્ધિને સાંભળી બંને રમતવીરોને વધુ આગળ વધવાની શુભેચ્છા પાઠવી અહીં પોતાની ગ્રાન્ટમાંથી થયેલા કામનું પરિણામ નજરે નિહાળી વિદેશમંત્રીશ્રીએ આનંદની લાગણી અનુભવી તમામ રમતવીરોને શુભકામના પાઠવી વિકસીત ભારત સાથે ફિટ ઈન્ડિયા બને તેવી કામની કરી હતી. વિદેશમંત્રી બાદમાં રાજપીપલાની પોસ્ટ ઓફિસ ખાતે કાર્યરત પાસપોર્ટ સેવાકેન્દ્રની મુલાકાતે પહોંચ્યા હતા. જ્યાં નવા પાસપોર્ટની પ્રક્રિયા માટે સુરતથી એપોઈન્ટમેન્ટ લઈને આવેલા ડો. મિતેશ જયસ્વાલ અને તેમના પરિવાર સાથે સંવાદ કર્યો હતો. બાદમાં સમગ્ર પોસ્ટ ઓફિસની કામગીરી અને આધાર સેવાકેન્દ્રની મુલાકાત કરી નિરિક્ષણ કરી કેન્દ્રિય કર્મીઓ સાથે સમૂહ તસવીર લઈને પ્રોત્સાહિત કર્યા હતા.

## 2024ના પોસ્કો ગુનાના આરોપીને આજીવન કેદ, રૂ. 50 હજારનો દંડ

**આ કેસ** કોર્ટમાં દાખલ થયા ને 43 દિવસની સમય મર્યાદા માં ફેંસલો કરી દેવામાં આવેલો છે



(પ્રતિનિધિ) સાવલી, તા.15

સાવલી ની સ્પેશિયલ કોર્ટમાં દ્વારા વાઘોડિયા પોલીસ મથકે 2024 ની સાલમાં નોંધાયેલ પોસ્કો ના ગુનાના આરોપીને આજીવન કેદની સજા અને રૂપિયા 50 હજારનો દંડ ફટકારતા ચકચાર મચી જવા પામી છે

વાઘોડિયા પોલીસ સ્ટેશન માં તારીખ 7/ 8 /2024 ના રોજ નોંધાઈ હતી જેમાં આરોપી નરેશ માંધુભાઈ નાયકા રહે ઉંમર કોઈ તા નસવાડી જી છોટાઉદેપુર સામે પોસ્કો સહિતના ગુના હેઠળ ફરિયાદ નોંધાઈ હતી અને આરોપી સગીરા પોતાના પિતા સતેહે વાઘોડિયા જી.આ.ઈ.ડી.સી ખાતે મજુરી કામ કરવા પરિવાર સાથે આવી હતી અને વાઘોડિયા નોકરી કરવા આવવાના બહાને પીછો કરીને સગીરાને ભગાડી ગયો હતો અને ભગાડી જવા માટે દુકાને પડીકું લેવા બોલાવી અપહરણ કરીને ભાગી ગયો હતો અને સગીરાને રાજકોટ ત્યારબાદ હરિયાણા, ગુડગાંવ અને મોરબીના માથક ગામે એમ અલગ અલગ જુદા જુદા સ્થળે છ મહિના સુધી ગેરકાયદેસર પોતાના કબજામાં ગોંધી રાખી હતી ૧૭ વર્ષીય સગીરા સાથે વારંવાર દુષ્કર્મ આચર્યું હતું જેની ફરિયાદ વાઘોડિયા પોલીસ મથકે નોંધાઈ હતી જે નો કેસ સાવલીની પોસ્કો કોર્ટમાં ચાલી જતા જજ જે એ ઠક્કરે આરોપી પરિણીત અને ચાર સંતાનોનો પિતા અને પોતાની બાર વર્ષની દીકરી હોવા છતાંય આવુ જઘન્ય કૃત્ય કરવા બદલ ભારે ગંભીર ગુનો માન્યો હતો અને સરકારી વકીલ ની દલીલોને ગ્રાહ્ય રાખી હતી અને આરોપી નરેશ માધુભાઈ નાયકા રહે.ઉમેરકોઈ ,તા નસવાડી , જીલો છોટાઉદેપુર ને કસુરવાર ઠેરવ્યો હતો અને કોર્ટે બી એન એસ કલમ ૧૩૭ મુજબ ત્રણ વર્ષની કેદ ની સજા તથા અને ત્રણ હજાર નો દંડ અને કલમ ૮૭ મુજબ પાંચ વર્ષ ની સજા અને ૫ હજાર નો દંડ ફટકારેલી છે.

## અરવલ્લી અને મહિસાગર જિલ્લામાં હળવા વરસાદની હવામાન વિભાગની આગાહી

**40** કિમી પ્રતિ કલાકથી ઓછી ઝડપે પવન, વીજળીની સાથે હળવો વરસાદ વરસી શકે છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

ગુજરાત રાજ્યના અરવલ્લી અને મહિસાગર જિલ્લાઓમાં આગામી કલાકોમાં હવામાનમાં બદલાવ આવી શકે છે. હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી તાજી આગાહીનુ અનુસાર, છૂટાછવાયા વિસ્તારોમાં હળવાવાવાઝોડા સાથે વીજળીના કડાકા અને પવનની સાથે હળવો વરસાદ થવાની શક્યતા છે. આ વરસાદની તીવ્રતા ૫ મીમી પ્રતિ કલાકથી ઓછી હોવાની સંભાવના છે, તેમજ પવનની ગતિ લગભગ ૪૦ કિમી પ્રતિ કલાકથી ઓછી રહેશે. હવામાનમાં આવનારા આ ફેરફારથી ખેડૂતો, ખાસ કરીને જે ખેતરમાં કામગીરી કરી રહ્યા છે, તેઓએ સાવચેતી રાખવી જોઈએ. વીજળીના કડાકા તથા પવનને ધ્યાનમાં રાખીને ખુલ્લા ખેતરોમાં કામ કરતી વખતે વિશેષ તકેદારી રાખવી જરૂરી છે.

કૃષિ તજજ્ઞોની સલાહ-

વિજળીના સમયગાળામાં કૃષિ સાધનોનો ઉપયોગ ટાળવો, ખેતરોમાંથી બહાર આવી જવું અને ઊંચા વૃક્ષો કે ધાતુઓથી દૂર રહેવું સલામત છે. આ ઉપરાંત, ખેડૂતોએ તેમની ખેતી માટે પાણીનો વ્યવસ્થિત ઉપયોગ કરીને વરસાદની ઘટનાઓથી લાભ લેવા સૂચવાયું છે.